Done-7

દિવ્ય ભાસ્કર - ૨૫/૬/૧૮ - મંગળવાર

### દિવ્યાંગો, શહીદોના સંતાનો પણ ભણી શકશે

# આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં કિન્નરો માટે લર્નિંગ સેન્ટર બનશે

## પદવીદાન સમારંભમાં VCની જાહેરાત

એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો ચોથો પદવીદાન સમારોહ યોજાયો હતો, જેમાં 1200 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. આ દરમિયાન આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર અમી ઉપાધ્યાયે જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, 'ચાલુ શૈક્ષણિક વર્ષથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં કિન્નરો, દિવ્યાંગો અને શહીદ પરિવારના બાળકો માટે ગુજરાતનું સૌપ્રથમ 'સ્પેશિયલ લર્નિંગ સેન્ટર બનાવવામાં આવ્યું છે, જેમાં આ વર્ષે એડમિશન આપવામાં આવશે.

વાઈસ ચાન્સેલર અમી ઉપાધ્યાયે સ્પેશિયલ લર્નિંગ સેન્ટર વિશે વધુમાં જણાવતા કહ્યું કે, 'સ્પેશિયલ લર્નિંગ સેન્ટરમાં કિન્નરોને દિવ્યાંગ લોકો અને શહીદ પરિવારના બાળકો અભ્યાસ કરવાની સાથે તેઓને કાઉન્સેલિંગ અને સ્કિલબેઝ તાલીમ પણ આપવામાં આવશે. આ માટે ખાસ સ્ટડી મેથડ પણ ડેવલપ કરવામાં આવશે. લર્નિંગ સેન્ટરમાં આદિવાસી પરિવારના બાળકોને પણ એજ્યુકેશન અને સ્કિલબેઝ લર્નિંગ કરાવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પદવીદાનમાં 1200 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. આ પદવીદાન સમારંભમાં રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજ્યપાલ ઓ.પી.કોહલી હાજર રહ્યા હતા.